રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭-૦૬-૨૦૧૭

## -: અખબારી યાદી :-

રાજ્ય ચૂંટણી આયોગે રાજ્યમાં તા.૩૦-૯-૨૦૧૭ સુધી મુદત પુરી થતી હોય તેવી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી, વિભાજનવાળી ગ્રામ પંચાયતોની ચૂંટણી, મધ્યસત્ર ચૂંટણી અને પ્રસંગોપાત રીતે ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૧૮-૦૬-૨૦૧૭ ના રોજ યોજવા જાહેરાત કરેલ. આ કાર્યક્રમ મુજબ ૯ ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ થયેલ છે અને કેટલીક ગ્રામ પંચાયતો અંશતઃ બિનહરીફ થયેલ છે. તા.૧૮-૬-૨૦૧૭ના રોજના મતદાન માટે જિલ્લા તંત્ર દ્વારા નિયુકત કરેલ મતદાન ટુકડીઓ મતદાનની સામગ્રી સહિત આજ રોજ પોતપોતાના નિયુકત કરવામાં આવેલ મતદાન મથકો પર પહોચી ગયેલ છે. દરેક મતદાન મથકે પોલિસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

તા.૧૮-૬-૨૦૧૭ ના રોજ યોજાનાર મતદાન અંગેની વિગતો પ્રાથમિક અંદાજ પ્રમાણે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતો(સામાન્ય તથા વિભાજન સહિત) અંદાજિત સંખ્યા | | ૩૨ |
| (૨) | હરીફાઈમાં રહેલ વોર્ડની સંખ્યા | | ૧૫૬ |
| (૩) | હરીફાઈમાં રહેલ સરપંચ તથા વોર્ડના સભ્ય માટેની ચૂંટણી અંગેના કુલ અંદાજીત મતદારોની સંખ્યા | | |
| | | પુરૂષ | ૨૭૦૧૪ |
| | | સ્ત્રી | ૨૪૭૯૮ |
| | | કુલ | ૫૧૮૧૨ |
| (૪) | મતદાન મથકોની સંખ્યા | | ૮૭ |
| (૫) | ઉપયોગમાં લેવાનાર ઈ.વી.એમ.ની સંખ્યા | | ૨૯૦ |
| (૬) | ચૂંટણી અધિકારીઓની સંખ્યા | | ૧૯ |
| (૭) | મદદનીશ ચૂંટણી અધિકારીઓની સંખ્યા | | ૧૯ |
| (૮) | પોલીગ સ્ટાફની સંખ્યા | | ૪૩૬ |

તા.૧૮-૦૬-૨૦૧૭ના રોજ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં મતદાન મથકે મત આપવા જનાર મતદારે ભારતના ચૂંટણી પંચે આપેલ મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં જો મતદાર ઓળખપત્ર રજૂ ન કરી શકે તો રાજ્ય ચૂંટણી આયોગે નકકી કરેલ ફોટા સાથેના ચૌદ દસ્તાવેજી પુરાવાઓમાંથી કોઈપણ એક પુરાવો રજૂ કરી મતદાન કરી શકાશે.

જે મતદાન મથકો પર મતદાન થવાનું છે, તે મતદાન મથકોમાં ૨૩ સંવેદનશીલ તથા ૧૪ અતિ સંવેદનશીલ છે. આવા મતદાન મથકો પર મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે વધારાના પોલીસ ફોર્સ / પેટ્રોલીગ પોલીસની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ સંપૂર્ણપણે ન્યાયી, મુકત રીતે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવી નેમ વ્યકત કરતા રાજ્ય ચૂંટણી આયોગે રાજ્યના મતદારોને આ અભિયાનમાં સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરી છે. રાજ્ય ચૂંટણી આયોગ તથા



Scanned by CamScanner

જિલ્લાના વહીવટી તંત્રે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં મતદારો પોતાની પસંદગી મુજબ મતદાન કરી શકે તે માટે તથા શાંતિપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર, પોલીસ કર્મચારી પૂરતી વ્યવસ્થા કરી છે, ત્યારે આ લોકતાંત્રિક પર્વનાં અભિયાનમાં રાજકીય પક્ષો, આગેવાનો, ઉમેદવારો, મતદારો તથા જનતા સહયોગ આપશે તેવી રાજ્ય ચૂંટણી આયોગ શ્રધ્ધા વ્યકત કરે છે.

(એ.એ.રામાનુજ)
નાયબ ચૂંટણી કમિશ્નર
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,
માહિતી કમિશ્નરશ્રી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
( આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી છે.)

<u>નકલ રવાના :-</u>

(૧) માનનીય કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
(૨) સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
(૩) રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ

Scanned by CamScanner